| GJSK040032612024 | આંક– | |
|---|---|---|
| | કેસ દાખલ તા: | ૨૦/૦૯/૨૦૨૪ |
| | કેસ રજી.તા: | ૨૦/૦૯/૨૦૨૪ |
| | કેસ ફેસલ તા: | ૦૮/૦૮/૨૦૨૬ |
| | સમય ગાળો: | વર્ષ–માસ–દિવસ |
| | | |

**ઇડરના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલત**

**સમક્ષ, મુ.ઇડર**

**ફોજદારી કેસ નં.૨૬૧૦/૨૦૨૪**

**ફરીયાદી** :– સરકાર શ્રી

વિરુધ્ધ

**આરોપી** :– મુકેશ સ/ઓ ચુના પાંગળા ગમાર, ઉ.વ.૨૧,
રહે.ખણીગાઢી ચંદ્રાણા, તા.પોશીના, જી.સાબરકાંઠા.

| | |
|---|---|
| ગુન્હો | ઇ.પી.કો.કલમ–૩૭૯ મુજબ. |

| | |
|---|---|
| સરકારશ્રી તરફે | વિ.એ.પી.પી.શ્રી પી.બી.દવે. |
| આરોપી તરફે | – |

**–: ચુ કા દો :–**

(૧).. ફરીયાદપક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૬/૦૪/૨૩ ના રાત્રીના કલાક ૧:૦૦ વાગ્યાથી કલાક ૫:૦૦ વાગ્યાના કોઇપણ સમયે મોજે ગંભીરપુરા ફરીયાદીના ઘર આગળથી ફરીયાદીની હિરો હોન્ડા કંપનીની એચ.એફ.ડીલક્ષ મોટર સાયકલ સને–

૨૦૧૪ ના મોડલની જેનો રજી.નં.જી.જે.૦૯ સી.એમ.૧૦૨૦ છે. જેનો ચેચીસ નં.MBLHA11EE9D33366 તથા એન્જીન નં.HA11EFE9D25125 જેની કિંમત આશરે રૂા.૧૫,૦૦૦/– જે કોઈ ચોર ઈસમ કોઈ રીત રસમ અપનાવી ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ. તે મુજબની ફરીયાદ ફરીયાદી ધ્વારા ઈડર પોલીસ સ્ટેશનમાં આપતાં, પોલીસ એજન્સીએ આરોપી વિરુધ્ધ ગુનો દાખલ કરેલ. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ.

(૨).. આ કામના આરોપીનાઓની સામે વારંવાર વોરંટ કાઢવા છતા વોરંટો બજતા ન હોય તેમજ આરોપી હાજર રહેતા ના હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નંબર સી/૨૬૧૮/૧૬,તા.૫/૭/૧૬ ના અન્વયે હાલનું કામ સી.આર.પી.સી. કલમ– ૨૯૯ અન્વયે આગળ ચલાવવામાં આવેલ અને આરોપી નાસતા ફરતા હોય સી.આર.પી.સી. ની કલમ–૨૯૯ તથા ૩૫૩(૬) અન્વયે આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩).. ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| નં. | નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી જાકીરહુસેન ફકીરમહંમદ મેમણની જુબાની. | ૦૩ |

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૪ | અસલ ફરીયાદ |
| ૨. | ૦૫ | મુદામાલ કબજે કર્યાનું પંચનામું |
| ૩. | ૦૬ | ગુન્હાવાળી જગ્યાનુ પંચનામું |

ત્યારબાદ આંક–૦૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપી હાજર રહેતા ના હોય તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.સી/૨૬૧૮/૧૬ તા. ૫/૭/૧૬ ના અન્વયે હાલનું કામ સી.આર.પી.સી.કલમ–૨૯૯ અન્વયે આગળ ચલાવવામાં આવેલ અને આરોપી પક્ષના વિ.વ.શ્રી એ પણ એફ.એસ. લખાવવા માટે તૈયારી બતાવતા ના હોય એફ.એસ.લેવામાં આવેલ નથી તેમજ આરોપી નાસતા ફરતા હોય સી.આર.પી.સી.ની કલમ ૨૯૯ તથા ૩૫૩(૬) અન્વયે આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**<u>દલીલો :–</u>**

(૫) ત્યારબાદ આરોપી સામેના કેસ સંદર્ભે પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રી પોતાની દલીલ કરતા જણાવે છે કે, ફરીયાદપક્ષે તેમના લેખીત અને મૌખિક પુરાવા રજુ રાખી આરોપી વિરુધ્ધનો ગુનો પુરવાર કરેલ હોય, પડેલ પુરાવાઓને આધારે આરોપીને સમાજમાં દાખલો બેસે તેવી નશીયત કરી સજા કરવા વિનંતી કરેલ છે. જયારે બચાવપક્ષે તરફે દલીલ માટે કોઇ હાજર રહેલ નથી.

(૬).. આ કામે કેસની તમામ હકીકત, સંજોગો અને રજુ કરાયેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદાઓ :–</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૬/૦૪/૨૩ ના રાત્રીના કલાક ૧:૦૦ વાગ્યાથી કલાક ૫:૦૦ વાગ્યાના કોઈપણ સમયે મોજે ગંભીરપુરા ફરીયાદીના ઘર આગળથી ફરીયાદીની હિરો હોન્ડા કંપનીની એચ.એફ.ડીલક્ષ મોટર સાયકલ સને–૨૦૧૪ ના મોડલની જેનો રજી.નં.જી.જે.૦૯ સી.એમ.૧૦૨૦ છે. જેનો

ચેચીસ નં.MBLHA11EE9D33366 તથા એન્જીન નં. HA11EFE9D25125 જેની કિંમત આશરે રૂા.૧૫,૦૦૦/- જે કોઇ ચોર ઇસમ કોઇ રીત રસમ અપનાવી ચોરી કરી લઇ જઇ, ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૭).. ઉપરોકત મુદ્દાઓનાં નિર્ણયો હવે પછી જણાવેલ કારણો અનુસાર હું નીચે મુજબ આપુ છુ.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદ્દા નં.૧ :-**

(૮).. આ કામે ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે આંક-૦૩ થી ફરીયાદી જાકીરહુસેન ફકીરમહમદ મેમણને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે.તેઓ પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવે છે કે, ગઇ તા. ૬/૪/૨૩ ના રોજ રાત્રીના આશરે એક વાગ્યાથી સવારે પાંચ વાગ્યાના સુમારે તેઓએ તેઓની મોટર સાયકલ નં.જી.જે.૦૯ સી.એમ.૧૦૨૦ નુ તેઓના ઘર આગળ પાર્ક કરેલ હતુ. તે સવારે ઉઠીને જોતાં મળી આવેલ નહી. તેની આજુબાજુ તપાસ કરેલી. પરંતુ કોઇ ઇસમ તેની ચોરી કરીને લઇ ગયેલ. આ તેઓના બાઇકની કિંમત આશરે પંદર હજાર જેટલી થાય. તે બાબતે તેઓએ ફરીયાદ આપેલી અને જે ફરીયાદમાં તેઓની સહી ઓળખી બતાવી આંક-૪ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેમને તેઓનુ બાઇક મળી ગયેલ છે. તેઓને સદર કેસ આગળ ચલાવવો નથી. તેમજ સદર ફરીયાદીની બચાવપક્ષ તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૯).. સદર કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનુ ઉપરોકત પ્રમાણે મુલ્યાંકન કરીએ તો બનાવ તારીખના રોજ મોજે ગંભીરપુરા ફરીયાદીના ઘર આગળથી ફરીયાદીની હિરો હોન્ડા કંપનીની એચ.એફ.ડીલક્ષ મોટર સાયકલ સને-૨૦૧૪ ના મોડલની જેનો રજી.નં.જી.જે.૦૯ સી.એમ. ૧૦૨૦ છે. જેનો ચેચીસ નં.MBLHA11EE9D33366 તથા એન્જીન નં. HA11EFE9D25125 જેની કિંમત આશરે રૂા.૧૫,૦૦૦/-ની ચોરી હાલના આરોપીએ જ કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવતી નથી. વધુમાં, સદર કામે પંચનામાંના પંચ સાહેદોને તપાસવામાં આવેલ આવેલા નથી. આમ, ફરીયાદી પક્ષના સમગ્ર પુરાવા પરથી આ કામના આરોપીને ગુનમાં સાંકળે તેવી કોઇ જ હકીકત રેકર્ડ પર આવતી ન હોય, આરોપી સામેના આક્ષેપીત ગુન્હાની હકીકતો ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર રહી સાબીત કરી શકેલ ન હોય, મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧).. ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) નાં પ્રબંધો અનુસાર આ કામના આરોપી મુકેશ સ/ઓ ચુના પાંગળા ગમારનાઓને ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબનાં શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨).. સદર કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલ વાહન અંગે જો કોઇ અગાઉ હુકમ થયેલ હોય તો તે આથી કાયમ કરવામાં આવે છે અને જો કોઇ હુકમ થયેલ ન હોય મુદામાલ વાહનના રજી.માલિકની ખાત્રી કરી તેને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩).. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭–એ અન્વયે આ કામના આરોપીએ રૂા.૧૫,૦૦૦/–(રૂપિયા પંદર હજાર પુરા)ના જામીન અને જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૮મી,માહે:ઓગષ્ટ,સને:૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: ઈડર
તા.૦૮/૦૮/૨૦૨૬

**(ડૉ.સ્તુતિ.ડી.કાપડીયા)**
**એડી.ચીફ જયુડી. મેજી.મુ.ઈડર**
**જજ કોડ નં.જી.જે ૦૧૩૫૬**

//Mahavir//